GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
( ISSN – 2582-8770 )
Globally peer-reviewed and open access journal.

# રાસ-ગરબા સંસ્કૃતિમાં મહિલાઓનું પ્રદાન

## પ્રા.સાગર જ્યોત્સનાબેન મનસુખભાઈ ચોટલિયા

આસિ.પ્રોફેસર તથા પીએચડી સંશોધક
ક.જે.સોમૈયા કલા અને વાણિજ્ય મહાવિદ્યાલય
યુનિવર્સિટી – મુંબઈ યુનિવર્સિટી
મોબાઈલ નં. – 8097937472
ઈમેઈલ – sagar.c@somaiya.edu

### સાર સંદર્ભ

*ગરબા એ માત્ર ગુજરાતીઓની ઓળખ નથી તો એક ભારતીય તરીકેની પણ ઓળખ છે. ગુજરાતની બહાર અન્ય રાજ્યોમાં કે અન્ય દેશોમાં પણ ગરબાને મળતાં આવતાં નૃત્યપ્રકારો મળી જ આવે છે. પરંતુ આપણે ત્યાં લોકગીતોના તાલે સ્ત્રીઓ રાસ રમતી થઈ, દયારામથી ગરબીઓ લખાવા માંડી. દિવાળીબેન ભીલથી માંડી ઐશ્વર્યા મઝુમદાર સુધીની સ્ત્રીઓએ ગરબા ગાયાં. નાગર સ્ત્રીઓએ બેઠાં ગરબાની આખી એક પરંપરાને જાળવી રાખી છે. ત્યારે આ ગરબાના તહેવારથી માત્ર સ્ત્રીઓને ઉપવાસ અને નવરંગી કપડાં પહેરવા તથા ગરબા રમવાનો આનંદ જ નથી મળતો તો તેનાથી રોજગારીનું પણ મોટા પાયે નિર્માણ થાય છે. આથી રાસ રમવા કે ગરબા ગાવાની એક પ્રથાએ આપણી સંસ્કૃતિને જ્ઞાન, વિવિધ વાર્તાઓ, શૂરવીરતાની કથાઓ અને આર્થિક રોજગાર પણ આપ્યાં છે અને તેમાં મહિલાઓનો પણ ફાળો રહ્યો છે. ત્યારે રાસ-ગરબા સંસ્કૃતિમાં મહિલાઓએ કઈ રીતે પોતાનું પ્રદાન કર્યું છે અને તેની આપણા સમાજ પર શી અસર પડે છે, તે દર્શાવવાનો આ શોધપત્રનો હેતુ રહેશે.*

ભારત એ તહેવારોની ભૂમિ છે. આ ભારતના હૃદયસ્થાને ગુજરાત બિરાજમાન છે. આ ગુજરાતે ખાણી-પીણી, વ્યાપાર, ખેતી, રાજકારણ સહિતની અનેક ભેટો આ દેશ તથા વિશ્વને આપી છે. તેમાંય સૌથી મોટી ભેટ એટલે સંસ્કૃતિની. આ સંસ્કૃતિમાં પણ અહીંના રાસ-ગરબાની સંસ્કૃતિ એ દેશ-વિદેશમાં ખ્યાતનામ થઈ છે.

'રાસ' તથા 'ગરબા' આ બંને શબ્દની વ્યુત્પત્તિ પાછળ શાસ્ત્રીય પુરાવાઓ મળેલાં છે. 'રાસ' એ 'રાસક' નામના સંસ્કૃત શબ્દ પરથી ઊતરી આવેલ છે. જે ગુજરાતી સાહિત્યનું પહેલું સાહિત્ય સ્વરૂપ મનાયું છે. જ્યારે ગરબો કે 'ગરબા' શબ્દનો ઉદ્દભવ સંસ્કૃત શબ્દ 'ગર્ભદીપ' પરથી થયો છે, જેનો અર્થ છે ગોળાકાર ઘડો કે જેમાં નાના-નાના ગોળાકાર છિદ્રો પણ હોય. આ કુંભ એ માનવીય સંવેદના અને ધાર્મિકતાનું પ્રતીક પણ છે.

આ રાસ અને ગરબાનું નામ પડે કે ગુજરાતીઓમાં ભરપૂર જોશ આવી જાય એવું કહેવાય છે. તેમાંય મહિલાઓમાં ખાસ ઉત્સાહનો સંચાર થતો હોવાનું પણ મનાય છે. પરંતુ આ રાસ-ગરબાની સંસ્કૃતિમાં પુરુષોની સાથે જ મહિલાઓનો પણ ઉત્તમ અને કદાચ વધુ કહી શકાય તેવો ફાળો રહેલો છે. ગરબા કે નવરાત્રીનો તહેવાર એ માત્ર મનોરંજન માટે નથી. પરંતુ તે પાછળ અનેક પરિબળો છે, જેને કારણે આ સંસ્કૃતિ અસ્તિત્વમાં આવી છે.

આજથી પાંચ હજાર વર્ષ પહેલાંનો ઈતિહાસ તપાસીએ તો શ્રીકૃષ્ણ તેમની ગોપીઓ સાથે રાસલીલા કરતા એ આપણે સૌ જાણીએ છીએ. પરંતુ જો ગોપીઓ જ ન હોત તો કૃષ્ણ આ લીલા કોની જોડે કરત? આ પ્રશ્ન આપણે ક્યારેય વિચાર્યો છે ખરો.... અર્થાત્ સ્ત્રીઓ વિના રાસ કહો કે ગરબા એ સાવ અધૂરા છે. આપણને જૈન રાસ મળ્યાં છે, તેમાં ખાસ વિતરાગની વાતો હોય છે. પરંતુ જૈનેત્તર રાસમાં કાન-ગોપી અને શ્રુંગારની વાતો મળી આવે છે. આ રાસ સંસ્કૃતિ સાહિત્ય માટે પણ ઉપકારક બની છે.

આજથી કેટલાંક દાયકાઓ સુધીનો ઈતિહાસ જોઈએ તો જ્યારે ગામડાંઓમાં મહિલાઓ માટે મનોરંજનના

https://www.gapbhasha.org/

ખાસ અન્ય સાધન નહોતાં. ત્યારે ઘરકામમાંથી પરવારી મહિલાઓ ગામના ચોકમાં ભેગી થતી અને પોતાના મનની વાતો ઠાલવતી. આ વાતોને સંગીતનું સ્વરૂપ મળ્યું અને ઉત્સવો યોજાવાના શરૂ થયાં તેમાં મહિલાઓ પોતાની વેદનાઓ, હરખની વાતોને ગીત-સંગીતના માધ્યમે વ્યક્ત કરતી થઈ અને તેમાંથી આપણને રાસ અને ગરબાના ગીતો મળવા લાગ્યાં. ઉદા. 'દાદા હો દીકરી, દાદા હો દીકરી, વાગડમાં નવ દેજો રે લોલ', 'પાંદડું ઊડી ઊડી જાય રે પરદેશી લાલ પાંદડું' કે પછી 'જોબનિયું આજ આવ્યું ને કાલ જાશે' જેવા લોકગીતો મહિલાઓએ રાસ રમંતી વેળાએ જ આપ્યા હશે, એવું સહજ માની શકાય છે અને આપણી જૂની ચિત્રપટસૃષ્ટિએ કદાચ તેમની ફિલ્મોમાં પણ આજ દર્શાવ્યું છે. જૂની ગુજરાતી ફિલ્મોમાં અઢળક ગરબા અને રાસ મળી આવે છે.

પરંતુ ગુજરાતી સાહિત્યમાં ખરેખર ગરબીઓનો ઉદય થયો હોય તો તે દયારામના કાળથી. તેમણે ગોપી અને કાનની ગરબીઓ દ્વારા વ્રજ ઊભું કર્યું હતું. તેમણે પોતે ગરબીઓ ગોપીભાવમાં જ લખી છે. તેના ઉદા. જોઈએ તો, 'ઘેલી મુને કીધી શ્રીનંદજીના નંદે', 'નંદનો કુંવર પરણાવ રે હો માડી મુને નંદનો કુંવર પરણાવ', 'માડી નંદનો કુંવર મારી કેડ્યે પડ્યો છે', 'હાવાં હું સખી નહીં બોલું રે નંદકુંવર સંગે' જેવી અનેક ગરબીઓ મળે છે. આ અપ્રત્યક્ષપણે જ કેમ નહીં પણ મહિલાભાવનું પ્રદાન જ ગણાવી શકાય કે એક કવિને ગરબીઓ ગાવા માટે નારી ભાવમાં ડૂબવું પડે કારણ તેનેય આખરે કૃષ્ણને જ પામવો છે અને તેને પામવા ગોપી તો બનવું જ પડે. આથી ગરબા કહો કે રાસ સંસ્કૃતિને મહિલાઓ સાથે પૂરી નિસ્બત છે અને મહિલાઓના યોગદાનથી જ આ સંસ્કૃતિ વિકાસ પામી છે, તેવું કહેવામાં જરાય ઓછપ લાગતી નથી.

આ રાસ અને ગરબાની પરંપરા ત્યાંથી આગળ ઊતરી અને એક એવા સમામાં આવી, જ્યાં દિવાળીબેન ભીલથી માંડી આજની ઐશ્વર્યા મઝુમદાર સુધીની નારીઓએ ગરબા ગાઈને આ સંસ્કૃતિને દેશ-વિદેશ સુધી પહોંચાડવામાં ફાળો આપ્યો છે. દિવાળીબેન ભીલનું નામ સામાન્યપણે ભલે લોકગીતો ગાવા માટે પ્રસિદ્ધ હોય પરંતુ તેમણે દેવીઓના અનેક ગરબાઓ ગાયા છે. રાંદલના ગરબા અને નવરાત્રીમાં તેમણે પારંપારિક રાસ-ગરબાઓ પણ ગાયા છે. ત્યારબાદ મીનાક્ષીબેન ઘોડાદ્રા, ફરીદા મીરે આશાપુરા, ખોડિયારના ગરબા, 'ભીંજાય ઘરચોડું, ભીંજાય ચુંદડી' જેવા પ્રાસંગિક ગરબા ગાઈને ખ્યાતિ મેળવી છે. પછી એક યુગ એવો આવ્યો કે 'જ્યાં ઈંધણા વિણવા ગઈ'તી મોરી સૈયર' રાજેન્દ્ર શાહની આ કવિતાને ગરબાના કાર્યક્રમમાં ગાઈને ફાલ્ગુની પાઠકે દેશ-વિદેશમાં નામના મેળવી. આજે ઐશ્વર્યા મઝુમદાર, સાંત્વની ત્રિવેદી, ગીતા રબારી ગરબાના ક્ષેત્રે ધૂમ મચાવી રહ્યાં છે. આ સ્ત્રીઓએ ગરબા ગાઈને માત્ર પ્રસિદ્ધિ જ નથી મેળવી તો ગરબાનું કોમર્શિઅલાઈઝેશન (વ્યાપારીકરણ) થતાંની સાથે આ તમામ મહિલાઓએ ગરબા ગાવાના બદલામાં સારું એવું વળતર મેળવ્યું છે. ઑક્ટોબર, ૨૦૨૩ના એક ઓનલાઈન ન્યૂઝ પોર્ટલે આપેલા અહેવાલ અનુસાર, ફાલ્ગુની પાઠક નવરાત્રી દરમ્યાન એક રાત્રીના રાસ-ગરબાના કાર્યક્રમ માટે ૨૦ લાખ રૂપિયા લે છે. આર્થાત્ તે ૯ દિવસમાં લગભગ ૧.૪ કરોડની કમાણી કરી લે છે. તો કમાણી સાથે આપણા ગરબાને આ રીતે આજની યુવાપેઢી સુધી પહોંચાડવાનું કાર્ય પણ થઈ રહ્યું છે.

જોકે આ ગરબાની મૂળ સંસ્કૃતિ તો એ છે કે, નવરાત્રી દરમ્યાન સ્ત્રીઓ માતાજીની આરાધના અને ઉપાસના કરવા માટે રાત્રે દૈનિક કાર્યોમાંથી પરવારી ચોકમાં ભેગી થતી અને ગરબા લેતી. વાજિંત્રો સંગાથે ગરબામાં માતાજીના પરચાંઓ અને તેમના પ્રત્યેની ભક્તિને વર્ણવતી. તે પાછળ વૈજ્ઞાનિક કારણ પણ હોવાનું કહેવાય છે કે, નવરાત્રી એ શરદ ઋતુમાં આવે છે અને ત્યારે વ્યક્તિની બિમાર પડવાની શક્યતાઓ વધતી હોય છે. વળી આ ઋતુમાં જલ્દીથી ભોજનનું પાચન પણ થતું નથી. આથી તેવે સમયે આ મહિલાઓ ચોકમાં ભોજન બાદ કામકાજ પતાવી ગરબા રમવા આવતી અને તેમાં જ તેમના શરીરની કસરત પણ થતી અને ભોજન પચવા માટે પણ સરળતા રહેતી. પરંતુ સમય જતાં આ ભાવ ભૂલાયો છે અને આજે ઊછળી-ઊછળીને રમાતાં ગરબાઓમાં કેટલાંક અચાનકના મૃત્યુ થયાનું પણ ક્યાં સામે નથી આવ્યું?

ત્યારે બીજી તરફ નાગરી નાતની મહિલાઓએ આખી એક બેઠાં ગરબાની પરંપરા જાળવી રાખી છે. જેમાં સ્ત્રીઓ ચોકમાં જમા થઈને માતાજીને ફરતે ગોળાકાર ચક્કર મારી ગરબા રમવાને બદલે એક જ સ્થળે બેસીને વાજિંત્રોના તાલ સાથે તાળી પાડી ગરબા ગાય છે. જેને બેઠાં ગરબા કહેવામાં આવે છે. આ સંસ્કૃતિ આજેય અમદાવાદ, વડોદરા, જૂનાગઢ તથા મુંબઈ જેવા શહેરમાં પણ કેટલીક મહિલાઓ જાળવી રહી છે. એક મત પ્રમાણે બેઠાં ગરબાની શરૂઆત વર્ષ 1946થી થઈ, પાકિસ્તાન સાથે જોડાવવા માંગતા નવાબે નવરાત્રીના સમયે જૂનાગઢના લોકોને નવરાત્રી રમવા કે

https://www.gapbhasha.org/

ઉજવવા પ્રતિબંધ મૂક્યો હતો. જે વેળાએ કેટલાક માઇભક્તોએ આજુબાજુના ઘરના કેટલાક સભ્યોને ભેગા કરીને જેમ શેરીઓમાં ગરબાનું આયોજન થાય, તેમ એક ઘરમાં બેઠાં ગરબાનું આયોજન કર્યું. બહુ ઝાઝો અવાજ ન થાય તે રીતે ધીમે હાથે તાળીઓ પાડીને બેઠાં ગરબા ગવાયાં, એમ કરતાં કરતાં બેઠાં ગરબા એ એક ઉજળી પરંપરા બની ગઈ છે. એક માન્યતા મુજબ બેઠાં ગરબાની શરૂઆત જૂનાગઢના નાગરવાડા વિસ્તારથી થઈ હોવાનું પણ મનાય છે. બેઠાં ગરબાની પરંપરા અંદાજે સાત દાયકાથી ચાલી આવે છે. બેઠાં ગરબામાં ભાવિકો તબલા, ઢોલક, ઢોલ, હાર્મોનિયમ અને મંજીરા કે ઝાંઝના સથવારે માતાજીના ગુણગાન કરવા પ્રાચીન ગરબાઓ ગાય છે. બેઠા ગરબાની રચનામાં મુખ્યત્વે માતાજીના વિવિધ શણગાર, ભાવ અને જુદાજુદા સ્વરૂપનું વર્ણન થયેલું જોવા મળે છે. સામાન્ય રીતે બેઠાં ગરબાની બેઠકમાં કવિ કલાપી, સુમંત અને વલ્લભ ભટ્ટ રચિત પ્રાચીન ગરબાઓ સાંભળવા મળે છે, જે મુખ્યત્વે શાસ્ત્રીય રાગ આધારિત હોય છે. આ સંસ્કૃતિ ગુજરાતી પ્રજાની બહાર કદાચ ક્યાંય જોવા મળશે નહિ.

ગુજરાતના દરેક ગામડાંઓમાં આપણને વિવિધ પાળિયાઓ કે મૃતકોની ખાંભીઓ જોવા મળશે. આ એ વ્યક્તિના પાળિયાઓ છે કે જેમણે બહેન-દીકરીઓ કે ગૌમાતાની રક્ષા કાજે પોતાના જીવનું બલિદાન આપી દીધું છે. તેમના આ બલિદાનને ચારણ-ગઢવીઓએ તો એળે નથી જ જવા દીધું. પણ આપણી મહિલાઓ પણ વિવિધ વાર-તહેવારે અને શ્રાદ્ધના દિવસોમાં તેમના કૂળના પૂર્વજોના રાસડા ગાઈને તેમને યાદ કરે છે. દા.ત. શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજની રાઠોડ પરિવારની મહિલાઓ એકજ સ્થળે ભેગી થઈ ચૌદસના શ્રાદ્ધને દિવસે તેમના કૂળના શૂરાપૂરાનું શ્રાદ્ધ કરે છે અને તે દરમ્યાન તેઓ તેમના દાદા શ્રી ભાયા જીવા રાઠોડનો રાસડો ગાય છે. તે દરમ્યાન સૌ સ્ત્રીઓ પોતાના જ સ્થાને ઊભી રહીને ઘૂંઘટ તાણીને આ રાસ ગાઈ તેમના પૂર્વજના પરાક્રમને યાદ કરી તેમને અંજલિ આપે છે. આમ આપણે ત્યાં વીર વછરાજનો રાસડો પણ જાણીતો છે. અર્થાત્ મહિલાઓએ રાસના માધ્યમે પોતાના પૂર્વજોના બલિદાનો યાદ રાખી તે આજની પેઢી સુધી પહોંચાડવાનું પણ કાર્ય કર્યું છે. જે મહિલાઓનું મોટું પ્રદાન કહી શકાય. તેની સામે આજથી ૫૦૦ વર્ષ પૂર્વે એક એવીય ઘટના બની ગઈ કે જ્યાં આ રાસને કારણે મહિલાઓએ પોતાના જીવનું પણ બલિદાન આપી દીધું હતું. રાપરના વ્રજવાણી ગામમાં અખાત્રીજ નિમિત્તે ગામમાં મેળાનું વાતાવરણ જામેલું હતું અને ગામની આહિરાણીઓ ગરબે ઘેલી બની હતી. ઢોલીના ઢોલને તાલે આહિરાણીઓ આખો દિવસ અને રાત ગરબે ઘૂમતી રહી. જાણે કૃષ્ણની સંગાથે સૌ ગોપીઓ રમી રહી હોય તેવું તેમને ભાસવા લાગ્યું. ઘરે વર, ઢોરાં, ગલઢેરાં, છોકરાં બધાં અજંપે ચડ્યા હતાં. ત્યારે કંટાળીને ગામના સૌ પુરુષોએ ગરબાની રમણે ચડેલી આ આહિરાણીઓને અટકાવવા અને ઢોલી પ્રત્યે ઈર્ષ્યાને પગલે ઢોલીની ગરદન કાપી નાંખી. ત્યારબાદ પણ ઢોલ વાગતો રહ્યો પરંતુ બાદમાં સંતુલન ખોરવાયું અને ઢોલીની તાન ખોરવાવા માંડી ત્યારે આહિરાણીઓએ જોયું કે તેમના પવિત્ર કૃષ્ણ સમાન ઢોલીને તેમના ગામના પુરુષોએ તેમના કારણે મારી નાંખ્યો. ત્યારે આ એકસો ચાલીસ અહિરાણીઓએ સત પોકાર્યું અને બધી એકસાથે ચિતાએ ચડી. આ ઐતિહાસિક વાર્તા કહો કે લોકકથા અકબર, બાબર, એલિયટ, રોમિયો-જૂલિયટ ભણનારા કેટલાં વિદ્યાર્થીઓને ખબર છે? રાસ-ગરબાની સંસ્કૃતિ, પોતાના સંસ્કારોની પવિત્રતા જાળવી રાખવા આ મહિલાઓએ આપેલું બલિદાન અવિસ્મરણીય અને અજોડ છે. વળી આ લોકકથા પરથી પ્રેરાઈને અલગ 'હેલ્લારો' નામે એક ચિત્રપટ બને અને તેમાંય કામ કરનારી તમામ ૧૩ અભિનેત્રીઓને સ્પેશિયલ જ્યૂરીનો બેસ્ટ એક્ટ્રેસ માટેનો નેશનલ એવોર્ડ મળે તે ગરબાની બલિહારી જ. આ ગીતમાં રહેલાં ગરબા અને તેના પર આ અભિનેત્રીઓએ કરેલ ઉત્તમ નૃત્ય તથા અભિનયની કામગીરીનો જ પ્રભાવ છે.

વળી, રાજકોટમાં નવરાત્રી દરમ્યાન રાજપૂત સ્ત્રીઓ બે થી ત્રણ હજારની સંખ્યામાં જમા થઈને ખૂલ્લા મેદાનમાં તલવાર રાસ કરે છે. તે વાત પણ આ સમયે યાદ કર્યા વિના રહેવાય નહીં. આપણા દેશની રાજપૂતાણીઓ આજના સમયમાં પણ પોતાની શક્તિનો આ રીતે નવરાત્રી દરમ્યાન તલવાર રાસ દ્વારા પરિચય કરાવી આપે છે. આ તો થઈ જ્ઞાન અને બલિદાન કે શૂરતાની વાત. પરંતુ આ નવરાત્રીના પારંપારિક ગરબાના સમયથી જ આ તહેવાર આવે એટલે મહિલાઓને મોટા પાયે રોજગારની પણ પ્રાપ્તિ કરાવી જાય છે. તેમાંય નવરાત્રીનું જ્યારથી કોમર્શિયલાઈઝેશન (વ્યવસાયીકરણ) થવા લાગ્યુ છે, ત્યારથી તો નવરાત્રી દરમ્યાન માત્ર ગુજરાત જ નહીં તો દેશની આર્થિક સ્થિતિમાં પણ મોટો ઉછાળ આવતો હોય છે.

શરૂઆત કરીએ મુંબઈના સાયન વિસ્તારમાં આવેલી વિશ્વની સૌથી મોટી ઝૂંપડપટ્ટી ગણાતી ધારાવી વિસ્તારની.

https://www.gapbhasha.org/

અહીંના કુંભારવાડા વિસ્તારમાં દાયકાઓ પહેલાં ગુજરાતથી આવીને વસેલાં કુંભારો માતાજીના માટીના ગરબા અને દીવડાં બનાવીને લાખોની કમાણી કરે છે. જોકે એ જુદી વાત છે કે તેમના ગરબા અને દીવડાંની માગ જાપાન, જર્મની, લંડન, અમેરિકા સુધી પહોંચી છે. પરંતુ આપણે ચાઈનીઝ વસ્તુઓના મોહમાં આપણી જ માટીને આપણાં ઘરમાં લાવવાનું ભૂલી રહ્યાં છીએ. વડાપ્રધાન મોદી એ તો છેલ્લાં કેટલાંક વર્ષોમાં 'મેક ઈન ઈન્ડિયા' પર ભાર મૂક્યો છે. પરંતુ આપણી ધારાવીની મહિલાઓ જ નહિ તો તેમની સાથે તેમના ઘરના બાળકો અને પુરુષો પણ આ વ્યવસાયમાં જોડાઈને ગરબા-દીવડાં બનાવી તેને માર્કેટમાં પહોંચાડવા અને વેંચવા સુધીની કામગીરી કરી લાખોની કમાણી કરી લેતાં હોય છે. આ ગરબાની સંસ્કૃતિએ ધારાવી જેવા ઝૂંપડાંઓમાં રહેતાં લોકોને માટે વ્યવસાયની તક ખોલી આપી છે. નવરાત્રી આવે એટલે સૌપ્રથમ ચણિયાચોળી અને કેડિયાની માગણીઓ વધે. ચણિયાચોળી આવે કે અમદાવાદ યાદ આવ્યા વિના રહે જ નહીં. અમદાવાદના વેપારીઓ આ તહેવારમાં જ મોટા પાયે કમાણી કરતાં હોય છે. અહીં ચણિયાચોળી વેંચાવા માટે આવે તે પહેલાં કેટલીય મહિલાઓ તેમાંય ખાસ કરી કચ્છ, વાગડ, સૌરાષ્ટ્રની ભરતકામ જાણતી મહિલાઓ ચણિયાચોળીની ડિઝાઈન કરવા બેસી જતી હોય છે. આ ચણિયાચોળી તૈયાર થઈને અમદાવાદની માર્કેટમાં આવે તો કોટનની ચણિયાચોળી ૧,૦૦૦ થી ૫,૦૦૦ રૂપિયા સુધી વેંચાતી હોય છે તો જોજટ પ્રકારના ચણિયાચોળીમાં લખનવી વર્ક અને સિફોનમાં એબ્રોઈડરીની માગણી હોય છે. જેની કિંમત ૩૦૦૦ થી ૫૦૦૦ સુધીની હોય છે. જોકે અમદાવાદમાં ૫૦ થી ૯૦ હજાર રૂપિયાની કિંમતની ચણિયાચોળીઓ પણ વેંચાતી હોય છે, એવું એક વેપારી ઘનશ્યામ ગોરાસાએ એક મુલાકાતમાં જણાવ્યું હતું. આ ચણિયાચોળીના વેપાર થકી જ અમદાવાદી કાપડના વેપારીઓ અંદાજે ૫૦-૬૦ કરોડથી ઉપર ચણિયાચોળીનો વેપાર કરે છે. કોરોના પૂર્વે રાજકોટની બજારોમાં જ ૪૦ કરોડ રૂપિયાની ચણિયાચોળી અને કેડિયાનો વેપાર થતો હોવાનું એક વેપારીએ પણ કબૂલ્યું હતું. જોકે આ વેપાર શક્ય બને છે, કારણ નવરાત્રી દરમ્યાન મહિલાઓ પોતાનાં સાંસ્કૃતિક વસ્ત્રો પહેરી અને હવે ફેશનને કારણે પણ આ પારંપારિક વસ્ત્રો પહેરી રમવા જવાનું પસંદ કરે છે એટલે. વળી આ ચણિયાચોળીઓ બનાવવા પાછળ કેટલીય સ્ત્રીઓ આખું વરસ પોતાની કામગીરીનું યોગદાન આપતી હોય છે. જેથી તહેવારને ટાંકણે તેમના ઘરમાં પણ પૈસાંની આવક થાય અને આપણી સંસ્કૃતિનો લોકોને પરિચય થાય. આ સાથે જ નવરાત્રી આવતાં જ કેટલીય મહિલાઓ મીઠાઈ-પ્રસાદ બનાવવાનો નાનો-મોટો ગૃહઉદ્યોગ પણ શરૂ કરતી હોય છે.

વળી હવે તો નવા ટ્રેન્ડ પ્રમાણે દરવર્ષે અલગ અલગ નવા ગરબાના સ્ટેપ્સ માર્કેટમાં ઊતરતાં હોય છે, તે માટે કેટલીક મહિલાઓ ખાસ ગરબા શીખવવાના વર્ગો ચલાવતી હોય છે અને તેના દ્વારા પેટિયું અને નામના બંને મેળવે છે. ઉપરાંત ઘણી છોકરીઓ ગરબામાં તૈયાર થઈને જવાનું પસંદ કરે તો તેમાંય મેક-અપ આર્ટીસ્ટને કમાણી થતી હોય છે.

આથી નવરાત્રીમાં ગરબા ગાવા એ એક જુદી વાત છે પરંતુ તે પાછળ આપણી સંસ્કૃતિ ટકાવી રાખવી, ઐતિહાસિક રાસ-ગરબાના માધ્યમે આપણા શૂરવીરોનો પરિચય આપણી આજની પેઢીને કરાવવો, તલવાર રાસ અને મેરાણીઓ દ્વારા પારંપારિક વસ્ત્રોમાં રમાતાં રાસ દ્વારા ખરી સંસ્કૃતિનો પરિચય કરાવવો, દેશની આંતરિક કે આંતરરાષ્ટ્રીય બજારમાં કરોડોનો વેપાર કરાવી આપવામાં આપણી સ્ત્રીઓનો મોટો ફાળો રહેલો છે. આજે તો ગરબાને હેરિટેજ કલ્ચરનું સન્માન મળ્યું છે. ત્યારે હવે તો નવી રાષ્ટ્રીય શૈક્ષણિક નીતિમાં સ્કીલ એન્હાન્સમેન્ટ કે ભારતીય જ્ઞાન પ્રણાલી હેઠળ ગરબા ગાવા-સમજવા અને રમવાના સર્ટીફિકેટ કોર્સ મહાવિદ્યાલયોમાં શરૂ કરવામાં આવી રહ્યાં છે. ત્યારે આ સંસ્કૃતિ કેટલી ભવ્ય અને દીવ્ય છે અને તેને કારણે મહિલાઓને સ્વબળે આગળ આવવા, પગભર થવા કેટલી મદદ મળી છે તે આટલાં અભ્યાસ પરથી સહજ સમજાય છે. અમદાવાદમાં ૨૦૧૯માં વૃંદાવન પાર્ટીપ્લોટમાં ૧૩૦૧ મહિલાઓએ હાથમાં દીવો અને માથે ગરબો મૂકી છ મિનીટ સુધી ગોળાકારે શેરી ગરબા લીધા હતાં. આ પ્રસંગને વર્લ્ડ બૂક ઓફ રેકોર્ડમાં સ્થાન આપવામાં આવ્યું હતું. ત્યારે અમદાવાદના વામા લેડિઝ ગ્રુપના પ્રિયંકા વાઘેલાએ જણાવ્યું હતું કે, 'તેમણે આ આયોજન ગરબાની સંસ્કૃતિ જળવાઈ રહે તે માટે કર્યું હતું. ચોકમાં માતાજીની ફરતે માથે ગરબા લઈને મહિલાઓ જ્યારે ગરબા કરે ત્યારે દરેકને એ વાતનો અણસાર આવે છે કે વાસ્તવમાં ગરબા એ આપણી પ્રાચીન સંસ્કૃતિ છે.' આપણે તો અહીં માત્ર પ્રદેશવાર અમુક શોધઅભ્યાસ નોંધ્યો પરંતુ જો આખા ગુજરાત-મહારાષ્ટ્ર કે ભારતમાં ઉજવાતાં ગરબાના તહેવાર અને તે પાછળના વ્યાપારીકરણને ધ્યાનમાં લેવામાં આવે તો ખરેખર ખબર પડે કે આપણું ભારત આજે પણ સોનાની ચિડીયા જ છે.

https://www.gapbhasha.org/

છેલ્લે અત્યારે જ્યારે અંબાણી પરિવારને કારણે જામનગર શહેર આટલું ચર્ચાએ ચડ્યું છે, ત્યારે માત્ર જામનગરમાં જ જોઈ શકાય તેવી ગરબાની એક વિશે વાત કરવી છે કે, જામનગરના ગરબાના કારીગર નયના બેન છેલ્લાં સત્તરેક વરસથી બાંધણી ગરબા બનાવે છે. જેમાં તેઓ માટીના ગરબાને જામનગરની ખાસિયત એવી બાંધણી, ઘરચોડાને અનુરૂપ રંગ આપી અને તેના પર આભલાં વગેરેનું ડિઝાઈન કામ કરે છે. તેમના ગરબાનું ઓનલાઈન માધ્યમે દેશ-વિદેશમાં પણ વેંચાણ થતું હોય છે.

અંતે એટલું જ કહીશ કે, ગરબો એટલે સ્ત્રી પોતાના મનની વાત જાહેરમાં વર્ણવી શકે એવી મોકળાશ. જ્યાં સુધી આ સૃષ્ટિમાં મહિલાઓ છે, ત્યાં સુધી ગરબા ગવાતાં રહેશે, લગ્ન-સીમંત જેવા પ્રસંગે રાંદલના લોટાં તેડાતાં રહેશે, અને આપણે ત્યાં “માતા રાંદલ આવો ને મારે આંગણે, હું તો જોઉં તમારી વાત” અને “માડી અમ્મર રાખોને મારો ચૂડી ચાંદલો” ગવાતાં રહેશે.

## સંદર્ભ સૂચિ

[1] https://www.gujaratsamachar.com/news/magazines/the-pride-of-krishnakirtan-of-urmikavi-dayaram

[2] https://www.vtvgujarati.com/news-details/navratri-2023-viral-social-falguni-pathak-fee-for-navratri-or-song-to-know-this-you

[3] બીબીસી ન્યૂઝ ગુજરાતી

https://www.gapbhasha.org/